**યુનિવર્સિટી ખાતેના સને ૨૦૨૧-૨૨**
**દરમ્યાન એક્રેડીટેશનની કામગીરી બાબત**

# :: પરિપત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજો/પોલીટેકનીકના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ, યુનિટ-સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન આઈ.સી.એ.આર. દ્વારા અગામી ટર્મ માટેનું એક્રેડીટેશન શરૂ થનાર છે. જેથી આપના તાબા હેઠળના તમામ વિભાગોના કાર્યરત લેબોરેટરીના ઇન્સ્ટ્રુમેન્ટ, ફાર્મ મશીનરી, ઈકવીપમેન્ટ જો બંધ હાલતમાં હોય તો તેને તાત્કાલિક રીપેર કરાવી ચાલુ હાલતમાં રાખવા તેમજ કચેરીની આજુબાજુના એરીયામાં નિયમિત સાફ-સફાઈ કરાવી કેમ્પસ સ્વચ્છ અને સાફ સુથરૂ રાખવાનું રહેશે. તાબા હેઠળના તમામ અધિકારી/કર્મચારીઓ નિયમિતપણે ફરજ ઉપર હાજર રહીને કામગીરી વ્યવસ્થિત થાય તે જોવાની જવાબદારી કચેરીના વડાશ્રીની રહેશે. કોલેજ ખાતેના લેબોરેટરી ઇન્સ્ટ્રુમેન્ટની લોગબુક નિયમિત નિભાવવાની રહેશે. એક્રેડીટેશનની કામગીરી દરમ્યાન કોઈ અવ્યવસ્થા ન થાય તે જોવાની જવાબદારી જે તે યુનિટ-સબ યુનિટ અધિકારીશ્રીઓની રહેશે. કોવિડ-૧૯ ને કારણે લેવાતાં ઓનલાઈન કલાસીસ નિયમિત રીતે લેવાય તે પણ જે તે આચાર્યશ્રીએ જોવાનું રહેશે.

વધુમાં કોલેજ ખાતેની હોસ્ટેલોની અંદર તથા બહારની સ્વચ્છતા જળવાઈ રહે તથા તેની સાર-સંભાળ સુવ્યવસ્થિત રીતે રહે તે જોવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રી/રેકટરશ્રીની રહેશે.

સદર પરિપત્ર માન.કુલપતિશ્રીની સુચના અન્વયે જારી કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/પીએસટુઆર/ ૫૨૫૫-૫૩૦૪ /૨૦૨૧
નવસારી, તા.૦૪/૦૬/૨૦૨૧

(સહી)
**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

(૧) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
(૨) તમામ કોલેજો/પોલીટેકનીક ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ
(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ